ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date : 20th March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

......................................................................, ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

# ચકલી સંવર્ધન જુંબેશ

# લોકમાનસ સુધી પોહ્ચાડવા વિવિધ કાર્યક્રમો યોજાયા

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન વિષયને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા છેલ્લા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૦ માર્ચ, ૨૦૧૭ને સોમવાર ના રોજ સવારના ૦૭:૦૦ કલાક થી બપોરના ૧૧:૦૦ કલાક દરમ્યાન વિવિધ કાર્યક્રમો દ્વારા **'વિશ્વ ચકલી દિવસ'** ની ઉજવણી કરવામાં આવી હતી.

**'વિશ્વ ચકલી દિવસ'** ની ઉજવણી હેતુ ચકલી બચાવો મૌન રેલી યોજવામાં આવેલ. આ રેલીના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી ડી. પી. વાઘેલા (આર. એફ. ઓ., કાળીયાર રાષ્ટ્રીય અભ્યારણ, વેળાવદર.), શ્રી વી. એ. રાઠોડ (આર. એફ. ઓ., મોબાઈલ રેન્ઝ કાળીયાર રાષ્ટ્રીય અભ્યારણ, વેળાવદર.), શ્રી નીલેશભાઈ રાવલ (ચેરમેન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર), શ્રી બીમલભાઈ ભટ્ટ (આર. એફ. ઓ ટ્રેનીંગ, દાર્જીલિંગ), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ, કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર), શ્રી પંડ્યા સાહેબ (વિક્ટોરિયા પાર્ક ભાવનગર) શ્રી એ. એ. ડાભી (વિક્ટોરિયા પાર્ક, ભાવનગર), શ્રી બારોટ સર (વિક્ટોરિયા પાર્ક, ભાવનગર), રસિકભાઈ સિદ્ધપુર (પ્રભારી, શાળા નં.૭૩) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બીમલભાઈ ભટ્ટ અને વી. એ. રાઠોડ સરે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણી બદલાયેલી જીવનશૈલી અને પ્રતિદિન વધતું જતા પ્રદુષણ સાથે આપણા

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)
**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

વિકાસની આંધળી દોડ ચકલીના વિનાશ માટે જવાબદાર છે. પ્રાસંગિક ઉદ્દબોધન બાદ મહેમાનો દ્વારા 'ચકલી બચાવો મૌન રેલી'ને લીલી ઝંડી બતાવીને શાળા નં. ૭૩, સરદારનગરથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલી વીર સરદાર્સિંહજી રાણા પ્રાથમિક શાળા નં. ૭૩, સરદારનગરથી શરુ થઇ રૂપની સર્કલ અને ત્યાંથી પરત સરદારનગર ખાતે પૂર્ણ કરવામાં આવેલ.

આ રેલી પૂર્ણ થયા બાદ સરદારનગર સર્કલની ચારેય બાજુએ વિદ્યાર્થીઓ દ્વારા **'માનવ સાંકળ'** રચી પસાર થતા રાહદારીઓને બેનરો, પોસ્ટરો દ્વારા તેમજ શહેરના જાણીતા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર શ્રી હર્ષભાઈ મકવાણા અને શ્રી જયસિંહજી ગોહિલ દ્વારા લેવાયેલ વિવિધ પક્ષી-પ્રાણીઓના ફોતોનું **'ફોટો પ્રદર્શન'** દ્વારા અને **ચકલીની વિવિધ ડોક્યુમેન્ટ્રીનું LED પ્રદર્શન** સરદારનગર ખાતે કરી ચકલીના સંવર્ધન માટે લોક જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ઊપરોક્ત સમગ્ર કાર્યક્રમમાં ભાવનગર શહેરની વિવિધ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના કુલ ૩૨૦થી વધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પર્યાવરણ પ્રેમીઓએ જોડાઈને લુપ્ત થતી આપણી ઘર આંગણાની ચકલીને બચાવવા માટેનો એક સરાહનીય પ્રયાસ કરાયો હતો. આ ચતુર્વિધ કાર્યક્રમોને સફળ બનવા માટે લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમ, સ્વામીનારાયણ સ્કાઉટ ગાઈડના શ્રી યશપલભાઈ વ્યાસ અને તેમની ટીમ, નીલકંઠવર્ણી ઇકો કલબના શ્રી રાજેશભાઈ ત્રિવેદી અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રીની યાદીમાં દર્શાવ્યા મુજબ છે.

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.